# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## શરણાગત માટે સોનાનો રથ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

એકવાર જીવ ઈશ્વરને શરણે જાય તો ભગવાન તેની સંભાળ રાખે. પણ. પુરા મનથી, પુરા ભાવથી ભગવાનને શરણે જવું. પણ પહેલી શરત એ છે કે મન સમર્પિત કરીને જવાનું. ભગવાન તો બહુ દયાળુ છે. પોતાના ભક્તોની બધીજ ચિંતા પ્રભુ દૂર કરે છે. દુઃખ દૂર કરી દે છે. ભગવાને તો કેવી કૃપા વરસાવી છે, પોતાના ભક્તો ઉપર !! આ દ્રષ્ટાંત વાંચો તો ખ્યાલ આવશે.

ઉનાળાનો સમય હતો. ધોમ ધખતો હતો, આખી ધરતી ધગી ગયેલી. એવો તો તાપ પડતો હતો. એ વખતે કોઈ ગરીબ માણસ જેનાં શરીર પર પૂરા કપડાં પણ નહોતાં, પગમાં જોડાં પણ નહી અને માથે અધમણનું પોટલું ઉંચકેલું ને આવા તાપમાં ચાલ્યો જતો હતો. ધીમે ધીમે રસ્તો કાપતો જતો હતો.

માથે અધમણનું વજન એટલે લથડીયા ખાતો માંડ માંડ ગતિ કરતો હતો. પાછળથી એ જ રસ્તા ઉપર સોનાનો રથ આવ્યો. એ સોનાના રથમાં એક દયાળુ રાજવી બેઠેલા હતા. આવી દૂર્બળ વિકટ દશાવાળા માણસને જોઈને રાજાને દયા આવી. અરરરર. બિચારો બહુ દુઃખી છે. સોનાનો અને મખમલની ગાદીઓ ગોઠવેલી એવો રથ ઉભો રાખ્યો અને એ માણસને પૂછ્યું તારે ક્યાં જવું છે ? આગળ જવાનું નામ આપ્યું. સારૂ બેસીજા. આ રથ ત્યાં જ જાય છે. માણસ રથમાં બેઠો તો ખરો. રથ જોઈને મોઢું ઉઘડી ગયું. બંધ ન થાય. આવો સોનાનો રથ એમાં બેસવા મળ્યું પણ ચમત્કાર ક્યાં થયો એ ખબર છે ?

સોનાના રથમાં બેઠો તો ખરો પણ પેલાં અધમણનો લબાચો હતો તે પોતાના માથા ઉપર જ રાખ્યો. રાજા કહે છે, આ પોટકી હવે મુકી દેને નીચે. અમારાં રથમાં બેસે તેને માથે પોટકી ઉપાડવાની જરૂર રહેતી નથી. પોટલી નીચે મુકી દે. પેલો કહે, ના તમે મને રથમાં બેસાર્યો એટલું ઘણું આ પોટલી ભલે મારા માથે રહી. શા માટે આ રથને વજન આપવું ! રાજા કહે, ભલે પોટલી તારા માથે રહી પણ તું તો રથમાં બેઠો છે માટે તારૂં વજન અને પોટલીનું વજન રથ જ ખેંચે છે ને !! તું શું કરવા આટલો ખોટો ભાર સહન કરે છે, મુકી દે. અહીં કોઈ તારી પોટલી ખોલશે નહી. કોઈ ઉઠાવી પણ નહી લે. પણ પેલાએ અધમણની પોટલી ધરાહાર માથેથી ઉતારી નહીં.

આ કથા કોની છે ? આ સંસારમાં ભટકતા અજ્ઞાની જીવાત્માની છે. દુઃખ અને ત્રાસના ત્રિવિધ ધગધગતા તાપમાં આ જીવ ચાલ્યો જાય છે. એની પાસે કોઈ સાધન નથી. યોગ, યજ્ઞ, તપ, સત્સંગ નથી એટલે એ દુઃખી છે, દુર્બળ છે. અને કર્મના પોટલાં પ્રારબ્ધના પોટલાં માથે ઉપાડીને જાય છે. એ વખતે અનંત કોટી બ્રહ્માંડના પતિ પરમાત્મા આવા અજ્ઞાની જીવને પોતાના શરણમાં લેવા સોનાનો રથ (કૃપા રથ) લઈને આવે છે. આવા જીવાત્માઓને અક્ષરધામ સુધીની લીફટ આપવા. આવ, તને ઉતારી દઉં. તું તારે બેસીજા આ રથમાં, તારે ચાલવાની જરૂર નથી. સહેજે સહેજે તારૂં કલ્યાણ કરી દઈએ. તારે કોઈ પ્રયત્ન કરવાની જરૂર નથી. તું રથમાં બેસીજા. ભગવાને દયા કરીને રથમાં બેસાર્યો તો ખરો પણ જીવાત્મા અજ્ઞાનતાને કારણે પોતાના કર્મના પોટલા એ પોતાના માથે જ રાખે છે. ભગવાન કહે છે. આ પોટલાં હવે નીચે મુકી દે. તારા કર્મની જવાબદારી હવે અમે જ નિભાવીશું. તું શા માટે ચિંતા કરે છે ? પણ જીવનો સ્વભાવ છે કે એ ચિંતા છોડી શકતો નથી.

સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવે જ્યારે આ સંપ્રદાયની ધુરા ધારણ કરી ત્યારે ગુરુ રામાનંદ સ્વામી પાસે વરદાન માંગી લીધું છે જે અજોડ છે. - ‘‘જે જીવ મારા ભક્ત થાય તેનાં પ્રારબ્ધનાં બધાં જ દુઃખ અમે

ભોગવીશું પણ એ ભક્ત ભલે સુખી થાય.'' આટલે સુધી ભગવાન કહે છે કે તમારા કર્મની, પ્રારબ્ધની ચિંતા અમારા પર છોડો પણ અજ્ઞાની જીવ પોતાના કર્મ અને પ્રારબ્ધની પોટલી છોડતો જ નથી. તેથી ઈશ્વરને શરણે આવે છે છતાં દુઃખ સહન કરવું પડે છે.

જો એકવાર આ બધી પોટલીઓ પરમાત્માના શરણે સોંપી દઈ સાચા શરણાગત બનીશું, અનન્ય આશ્રિત બનીશું તો ભગવાન આપણી બધી જ જવાબદારી નિભાવશે.

●

## નિઃસ્વાર્થ ભક્તિ જોઇએ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

માણસની એવી પ્રકૃતિ થઈ ગઈ છે કે જ્યાં સ્વાર્થ સિધ્ધ થતો હોય તે જ કરવું ગમે. કોઈ પણ કાર્ય કરે તેમાં સ્વાર્થ, અપેક્ષા હોય જ. બીજા કાર્ય તો ઠીક પણ ભગવાનની ભક્તિએ કેટકેટલીય અપેક્ષાઓ સાથે કરવામાં આવે છે. તેથી ભક્તિના ઉત્તમ ફળોને માણસ પ્રાપ્ત કરી શકતો નથી.

ટૂંકમાં કહીએ તો માણસનો સ્વભાવ છે એ જ્યાં જાય ત્યાં અપેક્ષાઓ લઈને જાય છે. જેમ કે મંદિરમાં આવે તો ભગવાન આગળ ઉભા ઉભા પણ કેટકેટલીયે માંગણીઓ રજૂ કરવામાં આવે. મંદિરની બહાર ફાટેલ તુટેલ કપડાં વાળા ભિખારીઓની લાઈન હોય જ્યારે ભગવાનની સામે સારા કપડાંમાં સજ્જ થયેલા ભિખારીઓની લાઈન લાગી હોય છે.

મહારાજા પરિક્ષિત માન-સન્માનની અપેક્ષાથી સમિકઋષિના આશ્રમમાં ગયા. પણ સમિકઋષિ સમાધિમાં લીન હોવાથી રાજાનું સન્માન થઈ શક્યું નહી. તો આવા મહાન રાજવીને પણ ક્રોધ ચડ્યો અને મરેલો સર્પ ઋષિના ગળામાં નાંખી ચાલતા થઈ ગયા. પિતાનું અપમાન સહન કરે તે પુત્ર ન ગણાય, ગુરુનું અપમાન સહન કરી લે તે શિષ્ય ન ગણાય. પોતાના પિતા અને ગુરૂ એવા સમિકઋષિનું અપમાન પુત્ર શૃંગીથી સહન ન થતાં તેણે શાપ આપ્યો અને તેમાં મહારાજા પરિક્ષિતનું ભૂંડું થયું. અપેક્ષાઓ શું નથી કરાવતી?

એક કહેવાતા સ્વાર્થી ભગત રોજ એક કલાક માળા-પૂજા કરે. શરીર સેવા-પૂજા કરે પણ વૃત્તિ ભગવાનમાં નહીં. એકબાજુ પૂજા પણ ચાલ્યા કરે અને સાથે વહેવારનાં કાર્યો પણ કરતા જાય. પાછા કહેવડાવે કે આ ભગત પૂજા કરતાં ઉભા પણ થતાં નથી. પણ બેઠા બેઠા કામ બધા ચાલું. આવી રીતે ભજન કરતાં કરતાં વીસ વરસ થયા.

એક દિવસની વાત છે. આ ભગત પૂજામાં બેઠા હતા. શ્રાધ્ધની સિઝન એટલે ઘરવાળાએ દૂધપાક બનાવેલો. જ્યાં આ પૂજા કરવા બેઠા હતા. તેમની બાજુમાં પંખા નીચે દૂધપાક ઠંડો થવા માટે મુક્યો.

આ ભાઈ પૂજા કરતા જાય ને દૂધપાકનું ધ્યાન રાખતા જાય. થોડીવાર થઈને દૂધપાકની સુગંધથી આકર્ષાઈને કુતરૂં ઘરમાં પેઠું. આ ભાઈએ ઘણું હડ હડ કર્યું પણ આજે તો જાણે કૂતરાએ નક્કી કરેલું કે જે થાય એ જોયું જશે પણ આપણે દૂધપાક ખાવો જ. બહુ પ્રયત્નો કરવા છતાં કૂતરૂં છેક દૂધપાક પાસે નજીક આવી ગયું ને જ્યાં મોઢું નાંખવા ગયું એટલે આ ભાઈએ ઉભા તો થવાનું હતું નહી તેથી પૂજાના શાલિગ્રામ ઉપાડ્યા ને ફેંક્યા કૂતરા તરફ. નિશાન પાકું, કૂતરાના મોઢા પર આવ્યું ને કૂતરું ભાગી ગયું. ત્યારે આ ભાઈને શાંતિ થઈ, હાશ !! આ વીસ વરસથી શાલિગ્રામની સેવા-પૂજા કરું છું તે આજે કામ લાગ્યા. ભગવાન શાલિગ્રામનો ઉપયોગ પથ્થર તરીકે કૂતરાને ભગાડવામાં કરી નાંખ્યો !!

કહેવાની વાત છે કે સ્વાર્થમાં માણસ ભાન ભૂલી જાય છે. આવી ભક્તિ કરે ને છતાં માંગણીઓ ઉપર માંગણીઓ ચાલું ને ચાલું. હું ભક્તિ કરું છું તો મારૂં આ કામ થઈ જવું જોઈએ. પણ ભગવાન આવી ભક્તિથી છેતરાતા નથી. જે ભક્ત નિઃસ્વાર્થભાવથી ભક્તિ કરે છે તેના પર ભગવાનનો વિશેષ રાજીપો થાય છે. માગે તેને મુઠ્ઠી મળે પણ જે ન માગે તેનું ધ્યાન ભગવાન વિશેષ રાખે છે. આપણે બસ એટલી વાતનું ધ્યાન રાખવાનું કે કૂતરૂં ભગાડવા જેવી ક્ષુલ્લક બાબતમાં ભક્તિ-ભજન રૂપી અમૂલ્ય નાણું ખર્ચી ન નાંખીએ. ભગવાનની ભક્તિ નિર્વિઘ્ને કરી શકાય એવું જો આપણે ઈચ્છતા હોઈએ તો મંદિરની બહાર જ્યાં આપણે પગરખાં કાઢીએ છીએ તેની સાથે માન-સન્માનના તથા સ્વાર્થના અભરખાં પણ ઉતારી દેવાં. જો આટલી બાબતનું ધ્યાન રાખીશું તો જરૂર ભગવાનની કૃપા તથા આશીર્વાદની પ્રાપ્તિ કરી શકીશું.